# સંગમસૂરિકૃત સંસ્કૃતભાષાબદ્ધ 'ચૈત્યપરિપાટીસ્તવ'

સંદર્ભગત સંસ્કૃત "ચૈત્યપરિપાટીસ્તવન"નો પાઠ સન ૧૯૭૪માં ચાર હસ્તપ્રતોના આધારે તૈયાર કરેલો અને ટિપ્પણો સિવાયનો લેખનો મુખ્ય મુસદ્દો પણ ત્યારે જ લખી રાખેલો. ચારેય પ્રત 'શ્રી લાલભાઈ દલપતભાઈ ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિર'ના સંગ્રહની છે, જેનો સંપાદનાર્થે અહીં સાભાર ઉપયોગ કર્યો છે. તેમાંની 'A' અને 'B' સંજ્ઞક પ્રતો લિપિ તેમ જ અન્ય લક્ષણોથી ૧૫મા શતકના ઉત્તરાર્ધની જણાય છે, જ્યારે 'C' અને 'D' પ્રત ૧૮મા શતકથી પ્રાચીન જણાતી નથી : તેના ક્રમાંક નીચે મુજબ છે :

A. ૮૪૭૧ / ૧૩

B. ૩૪૪૮

C. ૪૩૯૮

D. રાધનપુરથી નવપ્રાપ્ત : (ક્રમાંક અપાયો નથી.)

બધી જ પ્રતોમાં થોડાં થોડાં વ્યાકરણનાં, તેમ જ અક્ષરો ઊડી ગયા જેવાં સ્ખલનો છે : પણ મિલાન દ્વારા તૈયાર થયેલા પાઠમાં પૂરી સ્પષ્ટતા વરતાય છે. મારો મેળવેલો પાઠ અમદાવાદ નિવાસી (સ્વ૰) પં૰ હરિશંકર અંબાશંકર શાસ્ત્રી, (સ્વ૰) પં૰ બાબુલાલ સવચંદ દોશી, અને એ વર્ષોમાં વારાણસીમાં રહેતા પં૰ શતકરિ મુખોપાધ્યાયે સંશોધી આપેલો છે, જે બદલ એ ત્રણે વિદ્વદ્વર્યોનો અહીં સાનંદ ઋણ-સ્વીકાર કરું છું.

પ્રતોના પાઠમાં, શ્લોકોના ક્રમમાં, ખાસ કરીને શ્લોક ૧૪ પછી મેળ નથી, કેમ કે કોઈ કોઈ પ્રતોમાં શ્લોકો વધતા-ઓછા છે. તો કોઈમાં એક શ્લોક મળે છે તો કોઈમાં બીજો : (આમાંના કેટલાક પ્રક્ષિપ્ત જણાય છે, જે વિશે આગળ ઉપર વિશેષ કહીશ.) પણ અહીં સંપાદનના નિયમ પ્રમાણે (અને એ કાળે લા૰ દ૰માં અનુસરાતી પદ્ધતિ અનુસાર) કોઈ એક પ્રતને મુખ્ય માનવાની જરૂર હોઈ, 'A' ને પસંદગી આપેલી. જોકે તે પણ ક્ષેપક શ્લોકથી તદ્દન મુક્ત નથી. એકંદરે 'B' પ્રતનો પાઠ સૌમાં વિશેષ શુદ્ધ છે : પણ તે પ્રત પાછળથી મળી હોઈ તેને મૂલાધાર બનાવી શકાઈ નથી; કિંતુ તેનાં પાઠાંતરો નોંધી, મૂળપાઠમાં તેનાં વિશુદ્ધ રૂપો આવરી લીધાં છે.

સ્તવકાર 'સંગમસૂરિ'નું નામ બધી જ પ્રતોમાં, છેવટના ભાગમાં અંતિમ શ્લોક પૂર્વેના શ્લોકમાં, મળે છે. તેમના ગચ્છ, કે ગુરુપરંપરા વિશે ત્યાં કંઈ જ જણાવવામાં આવ્યું નથી, કે ન તો ઉપલબ્ધ સાધનો દ્વારા તે વિષયમાં કશું જાણી શકાય છે. સ્તવમાં રચના-સંવત્ પણ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આપ્યો નથી. પુરાતન કાળના 'સંગમ સ્થવિર', કે આઠમા-નવમા શતકમાં થયેલા 'સંગમસીહ' મુનિ, કે શત્રુંજય પર સં૰ ૧૦૬૪ / ઈ૰ સ૰ ૧૦૦૮માં અનશન કરી કાળધર્મ પામેલા મુનિ 'સંગમસિદ્ધ' તો તેના કર્ત્તા હોઈ ન શકે, પણ ભરૂચની એક સં૰ ૧૧૧૩ / ઈસ્વી ૧૦૬૩ની તુલ્યકાલીન જિન ધાતુપ્રતિમાના લેખમાં ઉલ્લિખિત 'સંગમસિંહસૂરિ' સાંપ્રત રચયિતા હોવાના સંભવ વિશે વિચાર કરીશું. સ્તવનો રચનાકાળ, અને એથી સ્તવકાર 'સંગમસૂરિ'ની વિદ્યમાનતાના સમયનો નિર્ણય અંદરની સામગ્રીના પરીક્ષણ પરથી આગળ ઉપર અહીં કરીશું.

સ્તવ વિશે વધુ વિચારતાં પહેલાં તેની અંદરની વસ્તુ વિશે જાણી લઈએ.

સંગમસૂરિ પ્રારંભના ત્રણ શ્લોકમાં જુદા જુદા દેવલોકોમાં તેમ જ વૈતાઢ્ય, કુલાચલ, નાગદંતગિરિ, વક્ષારકૂટ, ઇષુકાર, માનુષોત્તર, નંદીશ્વર, રુચકગિરિ આદિ જૈન આગમપ્રણીત ભૂગોળના પ્રતિષ્ઠિત પર્વતો પર અને હ્રદ (તટાક), કુંડ, વર્ષ (પર્વત), સાગર અને નદી તટે બિરાજમાન જિનવરાવલીનો જયકાર બોલાવી, પછી ભારતવર્ષના પ્રમુખ ઐતિહાસિક અને મહિમાપૂત જૈન તીર્થોનો અને પ્રસ્તુત તીર્થોના મૂલનાયક જિનોનો ઉલ્લેખ કરી, તેમનો જય વાંચ્છે છે.

તે પછી બહુકોટિ સંખ્યામાં પુંડરીકાદિ સાધુજનો જ્યાં સિદ્ધ થયા છે તે, સૌ તીર્થોમાં આદિ એવા, શત્રુંજયગિરિનો જય થાઓ તેમ કહી (૪), અષ્ટાપદાદ્રિ પર પોતપોતાનાં વર્ણ અને કદ સહિત ભરતચક્રીકારિત રત્નમય (ચોવીસ) જિનબિંબ (૫), ત્યારબાદ જ્યાં વીસ જિનો મોક્ષે ગયા છે ને જ્યાં (તેમનાં) દેવનિર્મિત સ્તૂપોની હાર છે તે સમ્મેતગિરિરાજ (૬), તે પછી તક્ષશિલાનગરીમાં યુગાદિ ઋષભજિનનાં પગલાં પડેલાં તે સ્થાને ચક્રીબંધુ બાહુબલિએ નિર્માવેલ હજાર આરાનું રત્નમય ધર્મચક્ર (૭), ને ત્યારબાદ મથુરાનગરીમાં સુપાર્શ્વજિનના સમયનો અને હજી પણ દેવતાઓ જેની અર્ચના કરે છે તે દેવનિર્મિત સ્તૂપનો જયકાર ગજાવે છે (૮).

આ પછી બ્રહ્મેંદ્ર, દશાનન (રાવણ), અને રામચંદ્રાદિથી પૂજિત અંગદિકાનગરના રત્નમય જિનબિંબનો (૯), અને ગોપગિરિ પર આમરાજાએ દોઢ કરોડનો ખર્ચ કરી બનાવેલ જિન વીરના ભવનનો (૧૦), હરિવંશભૂષણમણિ ભૃગુકચ્છમાં, મહાનદી નર્મદાના તટે, શકુનિકાવિહારમાં જિનવર મુનિસુવ્રતનો જય કહે છે (૧૧). ત્યારબાદ ક્રમમાં, જેના અમરોમાં મુખ્ય એવા ઇંદ્રે કલ્યાણત્રય કર્યાં છે તે (જિનવર) નેમિ જ્યાં બિરાજે છે તે મહાગિરિ રૈવતકનો (૧૨), તે પછી બ્રહ્મશાંતિ યક્ષ દ્વારા પ્રતિસ્થાપિત મોઢેરપુર(મોઢેરા)ના સપ્તહસ્ત બિંબવાળા શ્રી વીરજિનેશ્વર (૧૩), ને વલભીપુરથી આસો સુદિ પૂર્ણિમાને દિને રથમાં રવાના થઈ



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શ્રીમાલપુર(ભિન્નમાલ)માં સ્થિર થયેલા શ્રીવીર જિન (૧૪), તે પછી સ્તંભનક(થાંભણા)ના જિનભવનમાં સદ્અતિશયયુક્ત જિન પાર્શ્વ, અને જ્યાં પોતે પગલાં કરેલાં તે મુંડસ્થલમાં સંસ્થિત જિન વીર (૧૫), તે પછી વિદ્યાધર નમિવિનમિ કુલના નાથ કાલિકાચાર્યે કાશહ્રદમાં પ્રતિષ્ઠિત કરેલ જિન વૃષભ (૧૬), ત્યારબાદ પાંડવમાતા કુંતીસૂનુ યુધિષ્ઠિરના પુત્રોએ નાશિક્ય(નાશિક)માં સ્થાપેલા શ્રી ચંદ્રપ્રભ (૧૭), તે પછી નાગેન્દ્ર-ચંદ્ર-નિવૃત્તિ-વિદ્યાધર (ગચ્છના આચાર્યોએ) સોપારકમાં (કે પાઠાંતરે અર્બુદાચલે) રહેલા યુગાદિ જિનપુંગવનો (૧૮), અને વિમલમંત્રીએ કરાવેલ, અર્બુદનગ પરના ઋષભનો, ને એ જ પદ્યમાં ગોકુલવાસી (શ્રીકૃષ્ણના પાલક-પિતા નંદ)[૧] દ્વારા પ્રતિષ્ઠિત શાંતિજિન(૧૯)નો જય થાઓ તેમ કહ્યું છે.

આટલું કહ્યા પછીના બે શ્લોકો(૨૦-૨૧)માં સાધારણ રૂપેણ કલિકુંડકુક્કુટેશ્વર, ચંપા, શ્રાવસ્તિ, ગજપુર (હસ્તિનાપુર), અયોધ્યા, વૈભારગિરિ, પાવા (પાવાપુરી), જયંતિ (ઉજ્જૈન), ઓમકાર (ૐકારમાંધાતા), વાયટ (વાયડ), જાલ્યોધર (જાલિહર), ચિત્રકૂટ (ચિતોડ), સત્યપુર (સાંચોર) બ્રહ્માણ (વરમાણ), અને પલ્લિકા (પાલિ) ઇત્યાદિ સ્થળોના ઋષભાદિ તીર્થંકરોનો જયકાર કહી, બીજા પણ જે કોઈ ત્રિલોકને વિશે તીર્થો હોય ત્યાંનાં બિંબોને 'સંગમસૂરિ' વંદે છે તેમ કહ્યું છે. તે પછી આવતો અને અન્યથા જાણીતો શ્લોક પાછળથી ઉમેર્યો હોઈ પ્રક્ષિપ્ત ગણવો જોઈએ. (B પ્રતમાં તે મળતો નથી.) તેમાં ત્રિલોકસ્થિત શાશ્વત-અશાશ્વત (કૃત્રિમ-અકૃત્રિમ) તીર્થભવનનોને પોતે નમસ્કાર કરતા હોવાનું જણાવે છે[૨].

આ સ્તવના કલેવરને તપાસી જતાં તેમાં બે વાત તો પ્રથમ દૃષ્ટિએ જ સામે આવે છે. કર્ત્તા તેને એક બાજુથી સકલતીર્થવંદનાસ્તોત્ર (કે શાશ્વતાશાશ્વત-ચૈત્યવંદના સ્તવ) બનાવવા માગે છે અને એથી ઊર્ધ્વલોકમાં રહેલાં જિનભવનો તેમ જ ચૂર્ણિઓ કથિત માનુષી પહોંચ બહારના, જૈન ભૂગોળ-કથિત, પર્વતો પર કલ્પેલાં તીર્થોની વાત કરે છે; તો બીજી બાજુથી ઇતિહાસપ્રસિદ્ધ માનવનિર્મિત તીર્થો, પરમ મહિમાવંત જિન પ્રતિમાઓ ધરાવતાં જિનાલય-સ્થાનો આદિનો થોડાક વિસ્તારથી ઉલ્લેખ કરે છે. કર્ત્તા પોતે પશ્ચિમ ભારતના હોય તેમ જણાય છે; પણ તેમના વ્યાપમાં કેટલેક અંશે ઉત્તર ભારત આવી જાય છે : અને તેમ થવાથી તેમની કૃતિ 'તીર્થમાલા'નો પણ આભાસ કરાવે છે. તેમાં યાત્રાહેતુ ન હોઈ, તે આમ તો 'ચૈત્યપરિપાટી' વર્ગમાં મૂકી શકાય નહીં. એ એક પ્રકારનું 'તીર્થવંદનાસ્તવન' જ બની રહે છે. મહિમ્ન જિનભવનો અને એવાં જ સ્થાનો વંદનાર્થે પસંદ કર્યાથી આવાં સ્થળોની વચ્ચે રહેલાં અન્ય ઘણાં જૈન દેવસ્થાનો છોડી દેવામાં આવ્યાં છે. તે કાળનાં.પશ્ચિમ ભારતનાં સુપ્રસિદ્ધ જૈન કેન્દ્રોમાંથી પત્તન (અણહિલ્લપાટક) અને તેના પંચાસરા પાર્શ્વનાથનો, અને દેવપત્તન તેમ જ ત્યાંના વલભ્યાગત જિન ચંદ્રપ્રભનો ઉલ્લેખ કર્યો નથી. જ્યારે બીજી બાજુ સત્યપુરનો ઉલ્લેખ થયો હોવા છતાં તે સંદર્ભમાં તેના પરમ પ્રતિષ્ઠિત વીરજિનનો ઉલ્લેખ નથી. જાલોરના, ત્યાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

રહેલા આઠમા શતકનાં ત્રણ પ્રસિદ્ધ મંદિરો—પ્રતીહારરાજ નાગભટ્ટ કારિત મનાતી 'યક્ષવસતી', ને ઉદ્યોતનસૂરિના ગુરુ વીરભદ્રાચાર્યે બંધાવેલા આદિનાથના મંદિરનો, કે ત્યાંના દશમા શતકમાં પરમારરાજ ચંદને બંધાવેલ શ્રીવીરના 'ચંદનવિહાર'નો—પણ ઉલ્લેખ નથી. છતાં એકંદરે તેમાં અન્યથા એ કાળે પ્રસિદ્ધ અને ગરિમા-મહિમામંડિત સૌ જિનતીર્થોની નોંધ લેવામાં આવી છે; અને ક્યાંક ક્યાંક થોડી શી, પણ અન્યત્ર નહીં મળતી તેવી, મહત્ત્વપૂર્ણ માહિતી પણ નોંધી છે, જે વિશે હવે વિગતવાર જોઈએ.

## શત્રુંજય

પ્રત્યક્ષ અને સ્પૃશ્ય, દર્શનલભ્યતીર્થોમાં પુંડરીકાદિ મહાત્માઓ જ્યાં મુક્તિ પામ્યા છે, ને આદીશ્વરદેવનાં જ્યાં (મધ્યકાલીન માહાત્મ્યાદિ ગ્રંથો અનુસાર) પગલાં થયાં છે, તે શત્રુંજયગિરિને સૌ પ્રથમ સ્તવકારે સ્મર્યા છે. શત્રુંજયશૈલાલંકાર યુગાદિદેવ સંબંધમાં વિશેષ કહ્યું નથી.

## અષ્ટાપદ

અષ્ટાપદ પહાડ અયોધ્યા પાસે હતો કે હિમાલયની શ્રૃંગમાલામાં આવેલ પરમ પુનિત કૈલાસ એ જ અષ્ટાપદ તે એકદમ સુનિશ્ચિત નથી. પણ પછીના જૈન કથાનકોમાં ઋષભદેવ અને મહાવીરસ્વામીના ગણધર ગૌતમના ઉપલક્ષની કથાઓમાં તે ખૂબ પ્રસિદ્ધ છે. અષ્ટાપદની પૂજનાર્થે પ્રતીક રચનાઓ પશ્ચિમ ભારતમાં ઓછામાં ઓછું ૧૨મા શતકથી થવા લાગેલી; આથી એનો મહિમા મધ્યકાળમાં ઘણો હશે તેમ જણાય છે[૩]. આ પહાડ પર ભરતચક્રી વિનિર્મિત (યુગાદિદેવ સહિત) પોતપોતાનાં વર્ણ-માન-અને સ્થાનયુક્ત (૨૪) જિનોનાં રત્નમય બિંબોનો નિર્દેશ સંગમસૂરિ કરે છે.

## સમ્મેતશિખર

બિહારમાં આવેલા અને પાર્શ્વનાથના પહાડ તરીકે ઓળખાતા સમ્મેતશિખર વા સમ્મેદગિરિનો મહિમા ૧૩મા શતકમાં પશ્ચિમ ભારતમાં ખૂબ હશે તેમ મંત્રીશ્વર વસ્તુપાલે ગિરનાર પર કરાવેલ તેના પ્રતીક-તીર્થ ઉપરથી જણાય છે. સમ્મેતશિખરના પટ્ટો પણ ઈસ્વીસન્‌ના ૧૨મા-૧૩મા શતકમાં થવા લાગેલા. સમ્મેદગિરિ પર વીસ તીર્થંકરો મોક્ષધર્મ પામ્યાની આગમિક અનુશ્રુતિ છે. (કલ્પપ્રદીપકાર જિનપ્રભસૂરિએ સમ્મેતાચલતીર્થને કેમ છોડી દીધું તે સમજાતું નથી.) આ પહાડ પર પ્રાચીનકાળે જિનચૈત્યો હતાં તેવા તો ઉલ્લેખ મળતા નથી; પણ સંગમસૂરિ ત્યાં દેવનિર્મિત સ્તૂપોની હાર હતી કહી એક મહત્ત્વની વાત તરફ ધ્યાન દોરે છે. સંભવ છે ત્યાં મૂળે પાર્શ્વજિનનો સ્તૂપ કરવામાં આવ્યો હોય, અને તેથી તેનું તીર્થરૂપે મહત્ત્વ સ્થપાઈ જતાં ત્યાં સલ્લેખના દ્વારા દેવગત થયેલા, પછીના પાર્શ્વાપત્ય મુનિઓના પણ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નાના નાના સ્તૂપોની રચના થઈ હોય[૪].

## તક્ષશિલા

તક્ષશિલામાં ઋષભદેવનાં જ્યાં પગલાં થયેલાં ત્યાં બાહુબલિએ હજાર આરાનું મણિમય ધર્મચક્ર કરાવ્યાનું સંગમસૂરિ કહે છે. તક્ષશિલાના ધર્મચક્રતીર્થનો ઉલ્લેખ **આચારાંગનિર્યુક્તિ** (આ૦ ઈ૦ સ૦ ૫૨૫) તેમ જ પ્રાક્‌મધ્યકાળ એવં મધ્યકાલીન સાહિત્યમાં મળે છે[૫].

## મથુરા

મથુરાના કુબેરાદેવી નિર્મિત મનાતા સુપાર્શ્વજિનના સ્તૂપનો જિનપ્રભસૂરિએ **કલ્પપ્રદીપ** અંતર્ગત ''મથુરાભિધાન કલ્પ''માં આખ્યાયિકા સમેત ઉલ્લેખ કર્યો છે. એનાથી આ લગભગ બસોએક વર્ષ પૂર્વેનો ઉલ્લેખ હોઈ, અને એથી જિનપ્રભસૂરિથી પ્રાચીન પણ ભાષ્યકારો—ચૂર્ણિકારોની છઠ્ઠા-સાતમા સૈકાની નોંધો પછીનો હોવા છતાં, મહત્ત્વનો ગણાય[૬]. સ્તૂપ અલબત્ત સુપાર્શ્વનાથનો નહીં પણ ૨૩મા જિન પાર્શ્વનાથનો હતો.

## અંગદિકા

અહીંના કથાનક-પ્રતિષ્ઠિત રત્નમયબિંબને પૂજવાનું કહેવામાં આવ્યું છે. આ તીર્થ વિચ્છેદ પામ્યું છે અને તે સંબંધમાં વિશેષ ખોજ કરવાની જરૂર છે.

## ગોપગિરિ

અહીં આમરાજાએ કોટિ દ્રવ્યના વ્યયથી નિર્માવેલા મોટા મંદિરના વીરજિનનો જય કહ્યો છે. પ્રબંધાદિ સાહિત્ય અનુસાર આ મંદિર બપ્પભટ્ટિસૂરિના ઉપદેશથી આમરાયે ઈસ્વીસન્‌ના આઠમા શતકના ત્રીજા કે ચોથા ચરણમાં બંધાવ્યું હશે, પણ તેનો પત્તો લાગતો નથી. આ મંદિરનો અન્ય ચૈત્યપરિપાટીકારો પણ ઉલ્લેખ કરે છે, અને સાંપ્રત ઉલ્લેખ આ સંબંધના જૂનામાં જૂના પૈકીનો એક છે[૭].

## ભૃગુકચ્છ

ભૃગુકચ્છમાં, **પ્રભાવકચરિત** (સં૦ ૧૩૩૪ / ઈ૦ સ૦ ૧૨૭૮) આદિ ગ્રંથો અનુસાર આર્ય ખપુટાચાર્યે, ઈસ્વીસન્‌ની ત્રીજી-ચોથી સદીમાં ઉદ્ધરાવેલ જિન મુનિસુવ્રતનું, 'શકુનિકાવિહાર' નામક વિખ્યાત તીર્થ હતું : તેનો જય સૂરિ-કવિએ અહીં ગાયો છે. આ મંદિરનું ઉદયન મંત્રીના પુત્ર આમ્રભટ્ટે ઈ૦ સ૦ ૧૧૬૫ના અરસામાં નવનિર્માણ કરાવેલું[૮].

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## રૈવતકગિરિ

અરિષ્ટનેમિ જિનના ત્રણ કલ્યાણક જ્યાં થયેલાં તે મહાગિરિ રૈવતકનો જય કહ્યો છે. નેમિનાથના આ પુરાતન આલયનો દંડનાયક સજ્જને ઈ૰ સ૰ ૧૧૨૯ (કે પછી ઈસ્વી ૧૧૨૦ ?)માં નવોદ્ધાર કરાવેલો[૯].

## મોઢેરપુર

મોઢેરામાં બપ્પભટ્ટિસૂરિના ગુરુ સિદ્ધસૂરિ દ્વારા વંદિત વીરજિનના મંદિરનો ઉલ્લેખ **પ્રભાવકચરિત** આદિ ગ્રંથોમાં મળે છે[૧૦]. મધ્યકાળમાં તેની ઘણી ખ્યાતિ હતી. એને લગતો આ એક પ્રાચીનતમ સાહિત્યિક ઉલ્લેખ હોઈ, તેનું મૂલ્ય ઘણું છે. પ્રતિમા બ્રહ્મશાંતિ યક્ષ કારિત હતી તેવી દંતકથા સાથે તે સાત હાથ (લગભગ ૧૦$\frac{૧}{૨}$ ફીટ) ઊંચી હતી તેવી અગત્યની માહિતી અહીં મળે છે. અસલી મંદિરનો તો મુસ્લિમ આક્રમણ સમયે નાશ થઈ ચૂક્યો છે. હાલનું મંદિર ઘણા કાળ પછીનું છે. મોઢેરપુર-મહાવીરનું મહિમાસ્વરૂપ-અવતારરૂપ-મંદિર વસ્તુપાલના સમય પૂર્વે શત્રુંજય પર હતું.

## શ્રીમાલપુર

આઠમા શતકના અંતિમ ચરણમાં વલભીભંગ સમયે કેટલીક જિનપ્રતિમાઓ અન્ય સુરક્ષિત સ્થળે ગયાની અનુશ્રુતિઓ **કલ્પપ્રદીપ** (ઈસ્વીસન્‌ની ૧૪મી સદીનો પૂર્વાર્ધ) અને **પ્રબંધચિંતામણિ** (સં૰ ૧૩૬૧ / ઈ૰ સ૰ ૧૩૦૫) આદિ પ્રબંધાત્મક સાહિત્યમાં મળે છે[૧૧]. વલભીથી, નગરના યવનો દ્વારા ઈ૰ સ૰ ૭૮૪માં થયેલા ભંગ પૂર્વે, રથમાં નીકળેલી જિન મહાવીરની પ્રતિમા અશ્વિન પૂર્ણિમાને દિને શ્રીમાલપુર(ભિન્નમાલ, ભિલ્લમાલ)માં આવી સ્થિર થયાનો આ ઉલ્લેખ જૂનામાં જૂનો હોઈ, તેનું ઐતિહાસિક દૃષ્ટિએ ઘણું મૂલ્ય રહ્યું છે.

## સ્તંભનક

સ્તંભનકમાં નવાંગવૃત્તિકાર અભયદેવસૂરિએ સં૰ ૧૧૧૧(ઈ૰ સ૰ ૧૦૫૫; પણ નવા મળેલા પ્રબંધ પ્રમાણે ઈસ્વી સં૰ ૧૧૩૧ / ઈ૰ સ૰ ૧૦૭૫)માં[૧૨] જમીનમાંથી પ્રગટેલી પાર્શ્વનાથની પ્રતિમાની પ્રતિષ્ઠા કરેલી. આ પ્રતિમા સદ્‌અતિશયયુક્ત મનાતી અને તેનું મધ્યકાલીન પશ્ચિમ ભારતનાં જૈન તીર્થોમાં આગળ પડતું સ્થાન હતું. આ મહિમ્નતીર્થનો સૂરિ-કવિએ જય ગાયો છે. સ્તંભન પાર્શ્વનાથનાં અવતારરૂપ મંદિરો મંત્રીશ્વર વસ્તુપાળે ગિરનાર અને શત્રુંજય પર બંધાવેલાં.

## મુંડસ્થળ

મુંડસ્થળમાં ૧૧મા શતકના મધ્ય ભાગે કે ઉત્તરાર્ધમાં બંધાયેલ જિનવીરનું મંદિર છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અહીં સ્વયં મહાવીર છદ્મસ્થાવસ્થામાં આવી ગયાની માન્યતા ઈસ્વીસન્‌ના ૧૩મા-૧૪મા શતકના સાહિત્યમાં (અને અભિલેખમાં પણ) મળે છે તેમ જ અર્બુદપંથકમાં જીવંતસ્વામી મહાવીરની ૧૧મા શતકની મૂર્તિઓ મળી આવી છે (જે સિરોહીના અજિત જિનના મંદિરમાં, જોધપુરના સરકારી સંગ્રહાલય આદિ સ્થળોમાં જોવા મળે છે.) આ અન્વયે આ તીર્થનું મધ્યકાળમાં ઠીક ઠીક મહત્ત્વ હશે તેવું લાગે છે અને આ માન્યતાની નોંધ લેતો આ કદાચ સૌથી જૂનો વાઙ્‌મયિક ઉલ્લેખ છે[૧૩]. સ્તવકાર આ તીર્થને પૂજવાનું કહે છે.

### કાશહ્રદ

અમદાવાદ પાસેના કાસિન્દ્રામાં, વિદ્યાધરપતિ કાલિકાચાર્ય-પ્રતિષ્ઠિત મનાતા, જિન ઋષભનું પ્રાચીન મંદિર હતું. સ્તવકાર તેનો જય કહે છે. વલભીભંગ સમયે દેવપત્તન, વર્ધમાનપુર, શ્રીમાલ ઉપરાંત કાશહ્રદમાં પણ પ્રતિમા આવેલી, એવી પશ્ચાત્કાલીન અનુશ્રુતિઓ આ તીર્થની પ્રાચીનતાનું કંઈક અંશે સમર્થન કરે છે. આથી સાંપ્રત સ્તોત્રમાં આ તીર્થનો ઉલ્લેખ મૂલ્યવાન બની જાય છે[૧૪]. (વર્તમાનમાં તો આ તીર્થનું મહત્ત્વ રહ્યું નથી.)

### નાશિક્ય

નાસિક કિંવા નાશિકમાં ચંદ્રપ્રભનું સ્થાન હોવાનું જિનપ્રભસૂરિના કલ્પથી સિદ્ધ છે. આ મંદિર પાંડવપુત્ર દ્વારા પ્રતિષ્ઠિત મનાતું. તેને લગતો આ પ્રાચીનતમ ઉલ્લેખ છે[૧૫].

### સોપારક

સોપારકમાં જીવિતસ્વામી ઋષભદેવ ભગવાનનું તીર્થ હોવાનું જિનપ્રભસૂરિએ નોંધ્યું છે[૧૬]. રાજશેખરસૂરિ કૃત **પ્રબંધકોશ**માં "હેમસૂરિપ્રબંધ" અંતર્ગત પ્રાસંગિક રૂપે સોપારકના ભરતચક્રીકારિત જીવિતસ્વામી ઋષભદેવનો ઉલ્લેખ કરેલો છે[૧૭]. મધ્યકાળમાં સોપારક વિખ્યાત જિનતીર્થ હશે તેમ લાગે છે[૧૮]. ૧૫મા શતકમાં બૃહદ્‌તપાગચ્છીય ઉદયધર્મસૂરિ અહીંના જીવિતસ્વામીનો ઉલ્લેખ કરે છે અને સોપારા શત્રુંજયની તળેટી હોવાનું કહે છે[૧૯]. આ સિવાય સોપારકતીર્થ પર કેટલાંક સ્તોત્રો પણ ૧૫-૧૬મા સૈકામાં રચાયેલાં[૨૦].

સ્તવકાર અહીં નાગેન્દ્રાદિ ચાર પ્રાચીન કુલોના આચાર્યોએ સ્થાપેલા ઋષભદેવના મંદિરનો જયકાર કરે છે. આ ચાર કુલોની વજ્રસ્વામીના સમયમાં સોપારામાં ઉત્પત્તિ થઈ હોવાની માન્યતા મધ્યકાળમાં હતી[૨૧]. આજે આ પ્રાચીન જૈનતીર્થ પ્રાયઃ વિચ્છેદ થયું છે.

### અર્બુદનગ

આ પછી, વધારામાં, વિમલ 'નરેન્દ્ર'(મંત્રી)એ કરાવેલ અર્બુદ પર્વત પરના ઋષભનો જય કહ્યો છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ગોકુલવાસ

(ગોકુલમાં આવેલ,) ગોકુલવાસી (નંદ) કૃત શાંતિનાથને પૂજવાનું કહી તેનો જય કહ્યો છે. સોમપ્રભાચાર્યના **પ્રભાવકચરિત**(સં૦ ૧૩૩૪ / ઈ૦ સ૦ ૧૨૭૮)માં બપ્પભટ્ટિસૂરિએ ગોકુલવાસમાં નંદે કરાવેલા તીર્થેશ્વર શાંતિને વાંદ્યાના ઉલ્લેખ મળે છે, તે ઉપરથી પ્રસ્તુત મંદિર ગોકુલમાં હતું અને તે (શ્રીકૃષ્ણના પાલકપિતા) નંદે કરાવ્યાનું મધ્યકાળમાં મનાતું હોવાનું સૂચિત કરે છે[૨૨]. હાલ આ તીર્થ નષ્ટ થઈ ચૂક્યું છે. **પ્રભાવકચરિતથી** સાંપ્રત ઉલ્લેખ પ્રાયઃ દોઢસોએક વર્ષ પુરાણો હોઈ મૂલ્યવાન બની રહે છે.

## પ્રક્ષિપ્ત ગાથાઓ

૧૪મા શ્લોક સુધી તો બધી પ્રતોમાં પાઠ થોડા થોડા ભેદ સાથે એકસરખો ચાલ્યો આવે છે; પણ પછીથી આવતા મૂળ શ્લોકોની ન્યૂનાધિકતા તેમ જ કેટલીક ક્ષેપક ગાથાઓ આવતી હોઈ, ક્રમમેળ રહેતો નથી. વળી એક પ્રતમાં એક પદ્ય પ્રક્ષિપ્ત થયું છે તો બીજામાં બીજું[૨૩]. બધામાં મળી, આવા વધારાનાં કુલ ચાર પ્રક્ષિપ્ત પદ્યો મળે છે, જેના વિશે થોડો ઊહાપોહ કરવો જરૂરી બની રહે છે.

આમાં પ્રથમ જોઈએ વડોદરાના, સમુદ્રમાંથી વહાણ મારફત પ્રાપ્ત જિનબિંબનો ઉલ્લેખ. આ કેવળ એક જ પ્રતમાંથી મળે છે : અને ત્યાં તે (એવી જ કથા ધરાવતા) સ્તંભન પાર્શ્વનાથની પહેલાં આવે છે. એમ જણાય છે કે વડોદરાવાસી યા વડોદરાના પ્રેમી કોઈ મુનિમહારાજે આ શ્લોક બનાવી દાખલ કરેલો છે. એટલું ખરું કે વડોદરામાં સંપ્રતિરાજાએ કરાવ્યાનું મધ્યકાળમાં મનાતું હતું એવું એક પાર્શ્વનાથનું પુરાતન મંદિર હતું, જે જીર્ણ થવાથી (વસ્તુપાલબંધુ) મંત્રી તેજપાળે તેનો ઉદ્ધાર કરાવ્યાનું જિનહર્ષગણિએ **વસ્તુપાલચરિત્ર**(ઈ૦ સ૦ ૧૪૪૯)માં નોંધ્યું છે[૨૪]. આમ આ જિનાલય પ્રાચીન હોઈ, પ્રક્ષેપકર્ત્તાને કંઈક આધાર પણ મળી ગયો.

આ પછી જોઈએ તો (અહીં ૧૫મા શ્લોક પછી) સ્તંભનપુર પાર્શ્વનાથને લગતું એક વધારાનું પદ્ય આવે છે, જે પણ કેવળ એક જ પ્રતમાં ('D'માં) જોવા મળ્યું છે. વળી પ્રસ્તુત પ્રતમાં તે 'અંગદિકા' પછી, એટલે કે નવમી ગાથા પછી ઘુસાડવામાં આવ્યું છે. સ્તવની શરૂઆતનાં પદ્યોમાં ઉત્તર તરફનાં જ તીર્થોની વાત હોઈ, આ પદ્યની ક્રમમાં ત્યાં ઉપસ્થિતિ પણ વિસંગત છે : (અહીં મેં તેને સ્તંભન-પાર્શ્વનાથવાળા અસલી ૧૫મા પદ્ય પછી કૌંસમાં ગોઠવ્યું છે.) સંદર્ભગત પદ્ય એક જ વાતની બીજા શબ્દોમાં પુનરુક્તિ કરતું હોઈ, તેમ જ આગળ દર્શાવ્યા તે કારણોસર, પ્રક્ષિપ્ત છે.

આ પછીનું ક્ષેપક પદ્ય (અહીં ૧૯ બાદ) છે તે વિમલમંત્રીએ અર્બુદશિખર પર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કરાવેલા ઋષભ જિનેશ્વરના બિંબને લગતું છે, જે પણ માત્ર 'D' પ્રતમાં જ મળે છે. પણ એની ભાષા કૃત્રિમ જણાય છે, અને વિમલમંત્રીવાળી વાત ઉપર્યુક્ત પદ્ય ૧૯માં એક વાર આવી ગઈ છે.

આના પછી તરત આવે છે જાબાલિપુર(જાલોર)ના કાંચનગિરિ પરના પાર્શ્વ-જિનેશ્વરનો ઉલ્લેખ કરતું પદ્ય. પ્રસ્તુત જિનનું આલય ગુર્જરેશ્વર કુમારપાળે સં. ૧૨૨૨ / ઈ. સ. ૧૧૬૬માં બંધાવેલું : પણ તેની પ્રાચીન મહિમાવંત તીર્થોમાં ગણતરી નહોતી થતી. શ્લોક નિપજાવનારે શૈલી મૂળ સ્તવકારની પકડી છે ખરી; પણ આ પદ્ય કેવળ 'C' પ્રતમાં જ મળે છે. કોઈએ, જાલોર તરફના કે પ્રસ્તુત મંદિર સાથે સંબંધ ધરાવતા વિદ્વાન્ ગોષ્ઠિક કે મુનિએ, તે પદ્ય દાખલ કર્યું હશે. (સ્તવ-રચનાનો સમય તો આ મંદિરના નિર્માણ કાળ પૂર્વે, કેટલાયે દશકાઓ પૂર્વેનો છે, જે વિશે અહીં આગળ ઉપર જોઈશું.)

સ્તવના સમાપન પછી, પુષ્પિકારૂપી શ્લોક પછી (એટલે કે ૨૨ પછીથી) આવતું પદ્ય સ્પષ્ટતયા ક્ષેપક છે.

## એક સમસ્યા

૧૮મી ગાથામાં નાગેન્દ્રાદિ ચાર ગચ્છોએ પ્રતિષ્ઠાવેલ બિંબ સોપારાનું વિવક્ષિત છે કે અર્બુદાચલ પરનું વિમલમંત્રી કારિત પ્રાસાદનું છે તે વાત થોડી સમસ્યાપ્રદ છે. સોપારા તેમ જ અર્બુદાચલવાળી એમ બન્ને તીર્થોની આદિનાથની પ્રતિમા ચાર ગચ્છોના આચાર્યોએ પ્રતિષ્ઠાવેલી તેવી વાતો મધ્યકાલીન સાહિત્યમાં નોંધાયેલી છે. અહીં 'B' અને 'C' પ્રતોમાં સોપારકને સ્થાને 'અર્બુદકૃત' શબ્દ છે. જ્યારે 'D'માં અહીંના ક્રમમાં આપેલ ૧૯-૨૦ પદોને સ્થાને અહીં ગાથા ૧૯ બાદ કૌંસમાં મૂકેલી અર્બુદવાળી ક્ષેપક ગાથા જોવા મળે છે. તો આમાં સાચી વાત શું હોઈ શકે તે વિચારવા જેવું છે. ચાર આચાર્યો વિશે કહ્યા બાદ બે પ્રતોમાં ('B' અને 'C' માં) મળતા "અર્બુદકૃત" શબ્દમાં છંદોભંગ હોઈ 'A' પ્રતમાં છે તેમ 'સોપારક' હોવું વિશેષ સમીચીન જણાય છે : 'D' પ્રતવાળા લિપિકાર આ અસામંજસ્યથી અનભિજ્ઞ નહોતા, એટલે તેમણે તો એ આખું પદ જ ઉડાડી કેવળ આબૂને લગતી નવીન જ ગાથા રચી મૂકી દીધી છે. સ્તવકાર નાશિકની વાત કર્યા બાદ આ વાત કરતા હોઈ, ભૌગોલિક દૃષ્ટિએ આબૂ કરતાં સોપારક સ્થાન વધારે બંધ બેસે છે. આની સાથે તરત જ વિમલમંત્રીકારિત અર્બુદશિખર પરના બિંબની વાત સ્તોત્રકારે વણી લીધેલી છે અને સોપારા પછી, સોપારાની જેમ ચાર આચાર્યોએ પ્રતિષ્ઠા કરાવેલ આબૂ પર વિમલમંત્રીએ કરાવેલા ઋષભ જિનના બિંબની વાતને, તુરત જ "વિશેષકો જયતિ" ઉલ્લેખ દ્વારા સમાવી લીધી છે. આ આખી ગરબડ સોપારા તેમ જ આબૂમાં ચારે પ્રાચીન કુલના આચાર્યોએ કરાવેલ પ્રતિષ્ઠાની એક સરખી અનુશ્રુતિ પરથી થવા પામી છે : સંદર્ભગત ગાથામાં 'સોપારક' હોવું વિશેષ ગ્રાહ્ય જણાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## રચનાકાળ

આ સ્તવના રચનાકાળ સંબંધમાં (સ્વ૦) પં૦ લાલચંદ ભગવાનદાસ ગાંધીએ ઊહાપોહ કરેલો છે, જે અહીં તેમના મૂળ શબ્દોમાં ઉદ્ધૃત કરી આગળ ચર્ચા કરીશું :

"વિ૦ સં૦ ૧૯૮૨માં પાટણ જૈનસંઘનો જૂનો ભંડાર તપાસતાં ડા૦ ૩૯, નં૦ ૩૫ની ૧૫૫ પત્રવાળી પુસ્તિકા(પા૦ ૧૧૬થી ૧૧૭)માં એક પ્રાચીન તીર્થમાલા-સ્તવન (શ્લો૦ ૨૨) મારા જોવામાં આવ્યું હતું, જે મેં ઉતારી લીધું છે. તેના ૨૧મા શ્લોક ઉપરથી તેના કર્તાનું નામ સંગમસૂરિ જણાય છે. આ જ સ્તોત્રવાળી બીજી એક પ્રતિ ફોટોસ્ટેઈટ કરાવવા વકીલ કેશવલાલ પ્રે૦ મોદીએ તથા શ્રીયુત જીવણચંદ સા. ઝવેરીએ મારી તરફ મોકલાવી હતી, તેના અંતિમ ઉલ્લેખમાં તે સ્તવનને પાદલિપ્તગુરુ-શ્રીસંગમસૂરિકૃત (इति श्रीपादलिप्तगुरुश्रीसंगमसूरिकृतं स्तवनं) સૂચવ્યું છે. આ સ્તોત્રના ૧૬મા પદ્યને વિ૦ સં૦ ૧૨૯૫માં રચેલી ગણધર સાર્ધશતક-બૃહદ્વૃત્તિ (પૃ૦ ૩૮૪)માં સુમતિગણિએ ચિરંતન સ્તોત્રમાંનું સૂચવ્યું છે; તેમ છતાં આ સ્તોત્રમાં વિમલે આબૂ પર કરાવેલ નાભિનંદન(આદીશ્વર)નું અને સ્તંભનપાર્શ્વનાથનું સ્મરણ કરેલ હોવાથી આ સ્તોત્રની રચના વિક્રમની બારમી સદીના ઉત્તરાર્ધ લગભગમાં સંભવે છે" [૨૫]

કુલ ત્રણ પાદલિપ્તસૂરિ જાણમાં છે; એક તો **તરંગવઈકહા** અને **જ્યોતિષકરંડક**ના કર્ત્તા, જે આર્ય નાગહસ્તીના શિષ્ય હતા, અને જેઓ પ્રતિષ્ઠાનપુરના રાજા હાલ-સાતવાહનના તેમ જ પાટલિપુત્રના (શક) મુરુંડરાજના સમકાલિક હતા અને એથી ઈસ્વીસન્‌ની બીજી-ત્રીજી શતાબ્દીમાં થયેલા. બીજા હતા શત્રુંજય પર પ્રતિષ્ઠાઓ કરાવનાર તેમ જ ભિક્ષુ નાગાર્જુનના ગુરુ વા મિત્ર, જેઓ મૈત્રકકાળમાં, મોટે ભાગે સાતમા સૈકા ઉત્તરાર્ધ અને આઠમા શતક પ્રારંભમાં થયા છે. ત્રીજા છે નિર્વાણકલિકાકાર એવં પુંડરીકપ્રકીર્ણકકાર પાદલિપ્તસૂરિ, જેઓ સંગમસિંહસૂરિના શિષ્ય મંડનગણિના શિષ્ય હતા : તેઓ રાષ્ટ્રકૂટ કૃષ્ણ(તૃતીય)ને મળખેડ(માન્યખેટક)માં મળ્યાનો ઉલ્લેખ ૧૨માથી લઈ ૧૫મા શતકના સાહિત્યમાં છૂટક છૂટક મળે છે. આ તૃતીય પાદલિપ્તસૂરિનો કાળ આથી ઈસ્વીસન્‌ના દશમા શતક બીજા-ત્રીજા ચરણનો ઠરે છે. સાંપ્રત સ્તોત્રના રચયિતા સંગમમુનિ સમયની દૃષ્ટિએ આથી મોડા હોઈ, ત્રણેમાંથી એકેય પાદલિપ્તસૂરિના ગુરુ ન હોઈ શકે. નોંધ સારી પેઠે પશ્ચાત્કાલીન હોઈ ભ્રમમૂલક જણાય છે. પં૦ લાલચંદ ગાંધીએ તેને આધારરૂપ ગણી નથી તે વાત સ્પષ્ટ છે.

રચનાકાળ વિશે વિચારતાં વિમલમંત્રીકારિત અર્બુદનગ પરનો પ્રાસાદ (સં૦ ૧૦૮૮ / ઈ૦ સ૦ ૧૦૩૨) અને નવાંગવૃત્તિકાર અભયદેવસૂરિ પ્રતિષ્ઠિત સ્તંભન-પાર્શ્વનાથ(ઈ૦ સ૦ ૧૦૭૫)[૨૬]નો સ્તવમાં ઉલ્લેખ હોઈ, તેમ જ સુમતિગણિકૃત **ગણધરસાર્ધશતક-બૃહદ્વૃત્તિ**(સં૦ ૧૨૯૫ / ઈ૦ સ૦ ૧૨૩૯)માં સાંપ્રત સ્તવનો ઉલ્લેખ હોઈ, પ્રસ્તુત સ્તવ ઈ૦ સ૦ ૧૦૭૫-



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧૨૩૯ વચ્ચેના ગાળામાં બન્યું હોવું જોઈએ; પણ ઈ૰ સ૰ ૧૨૩૯માં તેને 'ચિરંતન' (પુરાતન) સ્તોત્રોમાં ગણાવા જેટલી પ્રતિષ્ઠા મળી ચૂકી હતી. આથી એની રચનાનો અસલકાળ ૧૩મા શતકમાં જ્ઞાત નહોતો. પં૰ ગાંધી તેને વિક્રમના ૧૨મા શતકના ઉત્તરાર્ધ એટલે કે ઈસ્વીસન્‌ના બારમા શતકના પૂર્વાર્ધમાં મૂકે છે, તે અનુમાન પ્રમાણમાં સત્યની નજીક જણાય છે. સ્તોત્રની ભાષા બહુ ઊંચી કોટિની નથી; તેમાં મુંડસ્થલમહાવીરની "પાયાત્ પ્રતિકૃતિ" વાળી વાત, કે જેની સાહિત્યમાં તેમ જ શિલાલેખોમાં ૧૩મા શતક પહેલાં નોંધ મળતી નથી, તે દીધેલી હોઈ આ સ્તોત્ર એ અનાગમિક વાત (જિન મહાવીરે અર્બુદક્ષેત્રમાં વિહાર કર્યો હોવાની સંબંધની વાત) પ્રચારમાં આવવી શરૂ થઈ હશે તે અરસામાં બન્યું હશે. વિશેષ પ્રકાશ અજ્ઞાતગચ્છીય વીરચંદ્રસૂરિશિષ્ય દેવચંદ્રસૂરિના **જીવાનુશાસન** (સં૰ ૧૧૬૨ / ઈસ્વી ૧૧૦૬)માં ઉદ્ધૃત પદ્ય પરથી મળે છે : "**तथा च काशहृदीय जिनस्तोत्रे पठ्यते—**

'नमिविनमिकुलान्वयिभिर्विद्याधरनाथ कालिकाचार्यैः ।
काशहृदशंखनगरे प्रतिष्ठितो जयति जिनवृषभः ॥' "[૨૭]

ઉપર્યુક્ત પદ્ય આપણા સ્તોત્રમાં '**काशहृदशंखनगरे**' ને બદલે '**काशहृदाख्यनगरे**' એવા વિશેષ સમીચીન પાઠ સાથે ૧૬મા સ્થાને આવે છે, અને ત્યાંથી જ તે ઉદ્ધૃત થયેલું જણાય છે[૨૮]. આ જોતાં સ્તોત્ર ઈ૰ સ૰ ૧૧૦૬ પહેલાં બની ગયું હશે. મોટે ભાગે ઈસ્વી ૧૦૮૦-૧૧૦૦ના અરસામાં બન્યું હોવું જોઈએ. આ મિતિનો સ્વીકાર કરીએ તો તે ઉપલબ્ધ અન્ય ઘણાં મધ્યકાલીન સ્તોત્રોને મુકાબલે ઠીક ઠીક પ્રાચીન ગણાય અને કેટલાંક જૈન તીર્થો સંબધમાં તેમાં મૂલ્યવાન નિર્દેશો હોઈ સ્તવ ઐતિહાસિક દૃષ્ટિએ મહત્ત્વનું છે. "સાધારણાંક" સિદ્ધસેનના **તીર્થમાલાસ્તવ**(પ્રાયઃ ઈ૰ સ૰ ૧૦૫૦-૧૦૭૫)[૨૯]થી કાળક્રમમાં તે તરત આવતુ હોઈ તેનું મહત્ત્વ છે. બીજાં ઉપલબ્ધ થયેલાં શ્વેતાંબર-દિગંબર તીર્થવંદના કોટીનાં સ્તવો આ પછીના કાળનાં છે.

**ટિપ્પણો :**

૧. આ વિષયમાં અહીં સ્પષ્ટતા સાથે ચર્ચા આગળ ઉપર કરી છે.

૨. આ પદ્ય અન્ય રચનાનું છે, જે અહીં પ્રક્ષિપ્ત થયેલું છે. આના સ્રોત વિશે હું અન્યત્ર વિસ્તારથી ચર્ચા કરી રહ્યો છું.

૩. 'અષ્ટાપદ' પરનો મારો અંગ્રેજીમાં લેખ ઘણા સમયથી તૈયાર પડ્યો છે, જે **નિર્ગ્રન્થ**ના ચતુર્થ અંકમાં છપાશે.

૪. બિહારમાં ગયા શહેર પાસેનો કહલુઆ પહાડ એ અસલી સમ્મેતશૈલ (સમ્મેદશૈલ) હતો. ત્યાં ખડક પર ૨૦ જિન કંડારાયેલા છે અને ગુફામાં પાર્શ્વનાથની મૂર્તિ છે, તેમજ એક મધ્યકાલીન ખંડિત લેખમાં 'સમ્મેદ...' અક્ષરો પણ વાંચવામાં આવેલા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૫. અન્યથા તો તક્ષશિલા પૂર્ણતયા બૌદ્ધતીર્થ જ રહ્યું છે. આ ધર્મચક્રતીર્થ વિશે વિશેષ ખોજ થઈ હોવાનું જાણમાં નથી.

૬. મથુરાના સ્તૂપ પર લખનારાઓ હવે સાહિત્યિક ઉલ્લેખોમાં આ સ્તવના ઉલ્લેખનો પણ સમાવેશ કરી શકશે.

૭. પ્રબંધાદિ સાહિત્યમાં તેનો સૌ પ્રથમ ઉલ્લેખ પ્રભાચંદ્રાચાર્ય કૃત **પ્રભાવકચરિત**(ઈ૦ સ૦ ૧૨૭૮)માં મળે છે. તેથી પૂર્વે ''બપ્પભટ્ટિસૂરિચરિત'' (ઈસ્વી ૧૨૩૫ પૂર્વે) અંતર્ગત **પ્રબંધચતુષ્ટય**માં તેનો ઉલ્લેખ થયો હશે.

૮. વિશેષ માહિતી માટે જુઓ સાંપ્રત સંકલનના દ્વિતીય ખંડમાં મારો ''ભૃગુકચ્છ-મુનિસુવ્રતના ઐતિહાસિક ઉલ્લેખો,'' શીર્ષકવાળો લેખ.

૯. વંથળીથી થોડાં વર્ષ પહેલાં મળેલા એક લેખ અનુસાર આ બીજી મિતિ તરફ પણ નિર્દેશ જાય છે. સન્ ૧૧૨૯ તો નાગેન્દ્રગચ્છીય વિજયસેનસૂરિના **રેવંતગિરિરાસ**(પ્રાયઃ ઈસ્વી ૧૨૩૨ પછી તરત)ના આધારે મનાય છે.

૧૦. વિસ્તાર માટે જુઓ મારો લેખ ''વાદી-કવિ બપ્પભટ્ટિસૂરિ'', **નિર્ગ્રન્થ** ૧, અમદાવાદ ૧૯૯૫, પૃ. ૧૨-૩૦, તેમ જ અહીં પૃ૦ ૫૯-૮૪.

૧૧. આ અંગે ડા૦ હરિપ્રસાદ શાસ્ત્રી એમના પ્રસિદ્ધ ગ્રન્થ **મૈત્રકકાલીન ગુજરાત**, ભાગ ૧-૨માં ચર્ચા કરી ચૂક્યા હોઈ અહીં વિશેષ વિસ્તાર કરવો અનાવશ્યક છે.

૧૨. જુઓ વિજયશીલચંદ્રસૂરિ, ''**श्री स्तम्भनाधीशप्रबंधसंग्रह**'', પ્રબંધ ૩૨, **અનુસંધાન** અંક ૯, પૃ૦ ૫૫.

૧૩. ઈસ્વીસન્‌ની ૧૩મી સદી દ્વિતીય ચરણમાં પ્રાકૃતમાં રચાયેલી, અંચલગચ્છીય મહેન્દ્રસિંહ સૂરિની **અષ્ટોત્તરીતીર્થમાલા**માં મુંડસ્થલ તીર્થમાં છદ્મસ્થાવસ્થામાં મહાવીર અહીં વિચરી ગયેલા તેવી (પણ આગમથી અપ્રામાણિત) વાત નોંધાયેલી છે અને એ યુગના થોડાક અભિલેખોમાં પણ ટૂંકમાં એ વાતનો ઉલ્લેખ મળી આવ્યો છે. એ બધા કરતાં સાંપ્રત કૃતિનો ઉલ્લેખ લગભગ સો'એક વર્ષ વિશેષ જૂનો છે.

૧૪. આ તીર્થ વિશે પુરાતત્ત્વની દૃષ્ટિએ સર્વેક્ષણ કરવાની આવશ્યકતા છે.

૧૫. આજે તો એનો મહિમા ભુલાઈ ગયો છે.

૧૬. મૂળ પાઠ માટે જુઓ ''નાસિક્યપુરકલ્પ,'' **विविध तीर्थकल्प**, સં૦ જિનવિજય, સિંઘી જૈન ગ્રન્થમાલા ગ્રંથાંક ૧૦, શાંતિનિકેતન ૧૯૧૦, પૃ૦ ૩૪-૫૪.

૧૭. જુઓ ''હેમસૂરિ પ્રબંધ'', **प्रबन्धकोश**, સિંઘી જૈન ગ્રન્થમાલા, ગ્રંથાંક ૩, સં૦ જિનવિજય, શાંતિનિકેતન ૧૯૩૫, પૃ૦ ૯૮.

૧૮. અહીં જે જિનાલય હશે તે કોંકણદેશની સ્થાપત્યશૈલીમાં ભૂમિજાદિ વર્ગની પ્રાસાદજાતિમાં વિનિર્મિત હશે.

૧૯. આના વિશે વિશેષ પ્રસ્તુત તીર્થમાલાના સંપાદન સમયે કહેવામાં આવશે.

૨૦. **શ્રી બૃહદ્ નિર્ગ્રન્થ સ્તુતિમણિમંજૂષા**, ભાગ ૩, અંતર્ગત આ સ્તોત્રો લેવામાં આવનાર છે.

૨૧. સોપારકમાંથી નાગેન્દ્રાદિ ચાર ગચ્છોની ઉત્પત્તિની (ભ્રમમૂલક) માન્યતા મધ્યયુગમાં પ્રચારમાં આવી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગયેલી.

૨૨. જુઓ **प्रभावक चरित**, સિંઘી જૈન ગ્રન્થમાલા, ગ્રંથાંક ૪, સં૰ જિનવિજય મુનિ, અમદાવાદ-કલકત્તા ૧૯૪૦, પૃ૰ ૧૦૫.

૨૩. જુઓ અહીં મૂળ પાઠ અને ત્યાં પાદટીપો.

૨૪. સં૰ હીરાલાલ હંસરાજ, જામનગર ૧૯૧૧, પૃ૰ ૧૩૯, શ્લો૰ ૫૧-૫૪.

૨૫. જુઓ એમનો લેખ ''સિદ્ધરાજ અને જૈનો,'' **ઐતિહાસિક લેખ-સંગ્રહ,** શ્રી સયાજી સાહિત્યમાલા, પુષ્પ ૩૩૫, વડોદરા ૧૯૬૩, પૃ૰ ૧૪૭.

૨૬. મૂળ સ્રોત માટે જુઓ અહીં ટિપ્પણ ૧૨.

૨૭. **जीवानुशासन** (શ્રીહેમચંદ્રાચાર્ય ગ્રંથાવલી : ૧૭, સંશો૰ ભગવાનદાસ પ્રભુદાસ વીરચંદ, પાટણ વિ૰ સં૰ ૧૯૮૪ / ઈ૰ સ૰ ૧૯૨૮, પૃ૰ ૧૧.

૨૮. થોડાં વર્ષ પૂર્વે મુનિ મહાબોધિવિજય સંપાદિત, બૃહદ્ગચ્છીય અજિતદેવસૂરિનો સ્વોપજ્ઞ ટીકા સહિત **મોહોન્મૂલનવાદસ્થાનક** ગ્રંથ (વિ૰ સં૰ ૧૧૮૫ / ઈ૰ સ૰ ૧૧૨૯) પ્રકાશિત થયો છે (મુંબઈ વિ૰ સં૰ ૨૦૫૧ / ઈ૰ સ૰ ૧૯૯૫) તેમાં સ્વોપજ્ઞ ટીકામાં ઉપર્યુક્ત પદ્ય ''સ્તવ''માંથી ટાંક્યું છે અને ત્યાં જે પાઠ છે તેમાં 'કાશહ્રદાખ્ય નગરે' જ છે (ત્યાં પૃ૰ ૯ ૫૨). જો કે ત્યાં પણ વળી બીજે થોડો પાઠભેદ તો છે જ. ત્યાં ઉટ્ટંકિત પદ્ય આ પ્રમાણે છે.

यदि **स्तवन**प्रामाण्येन सा श्रावकेण कार्या, तदा-

''**नमि-विनमिकुलान्वयिभिः** विद्याधरनायकाचार्यैः ।

**काशहृदाख्ये नगरे प्रतिष्ठितो जयति जिनवृषभः** ॥''

૨૯. પ્રકાશિત સમીક્ષિત આવૃત્તિ માટે જુઓ ર૰ મ૰ શાહ, ''સાધારણાંક સિદ્ધસેનસૂરિ-વિરચિત પ્રાકૃતભાષાબદ્ધ સકલ-તીર્થ-સ્તોત્ર,'' *Sambodhi* Vol. 7, No. 1-4, April 1978—Jan. 1979, પૃ૰ ૯૫-૧૦૦.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## श्रीसङ्गमसूरिकृतम्
## श्रीचैत्यपरिपाटीस्तवनम्

(आर्यावृत्तम्)

पञ्चानुत्तरशरणा ग्रैवेयककल्पतल्पगत[१]सदनाः ।
ज्योतिष्कव्यन्तर[२]भवनवासिनी[३] जयति जिनपराजी[४] ॥१॥

**वैताढ्यकुलाचल[५] नागदन्तवक्षारकूटशिखरेषु** ।
ह्रद-कुण्ड[६]-वर्ष[७]-सागर-नदीषु जयताज्जिनवराली ॥२॥

**इषुकारमानुषोत्तरनन्दीश्वररु चककुण्डल[८]नगेषु** ।
सिद्धालयेषु जीयाज्जिनपद्धतिरिद्धत[९]त्त्वा**सौ** ॥३॥

यत्र बहुकोटिसङ्ख्याः सिद्धिमगुः **पुण्डरीकमुख्यजिनाः** ।
तीर्थानामादिपदं स जयति **शत्रुञ्जयगिरीशः** ॥४॥

**अष्टापदाद्रिशिखरे** निजनिजसंस्थानमानवर्णधराः ।
**भरतेश्वरनृप**रचिताः सद्रत्नमया[१०] जयन्तु **जिनाः** ॥५॥

**विंशत्यातीर्थकरैरजिताद्यैर्यत्** शिवपदं[११] प्राप्तम् ।
**देवकृतस्तूपगणः** स जयति **सम्मेतगिरिराजः**[१२] ॥६॥

**ऋषभजिनपदस्थाने बाहुबलि**विनिर्मितं **सहस्त्रारं** ।
**रत्नमयधर्मचक्रं तक्षशिला**[१३]पुरवरे जयति ॥७॥

**मधुरापुरी**[१४]प्रतिष्ठः **सुपार्श्वजिनः** कालसम्भवो जयति ।
अद्यापि सुराभ्यर्च्यः **श्रीदेव**[१५]**विनिर्मितस्तूपः** ॥८॥

ब्रह्मेन्द्रदशानन रामचन्द्रमुख्यैः प्रपूजितो[१६] जयति ।
**अंगदिकानगरस्थे जिनबिम्बे** दिव्यरत्नमये ॥९॥

यस्तिष्ठति **वरवेश्मनि**[१७] साद्र्धाभिर्द्रविणकोटिभिस्तिसृभिः ।
निर्मापितोऽ( ऽ )**मराज्ञा गोपगिरौ**[१८] जयति **जिनवीरः** ॥१०॥

हरिवंशभूषणमणि**र्भृगुकच्छे नर्मदासरित्तीरे**[१९] ।
श्री**शकुनिकाविहारे मुनिसुव्रतजिनपति**र्जयति ॥११॥

**नेमेः कल्याणकत्रिकम** भवन्निष्क्रमण**ममरमुख्यकृतं**[२०] ।
यस्मिन्नसौ महात्मा**रैवतकमहागिरि**र्जयति ॥१२॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**मोढेरपुर**[२१]निवासी **ब्रह्मो**पपदेन **शान्ति**नारचितः ।
स्वयमेव सप्तहस्तः[२२] श्री**वीरजिनेश्वरो** जयति ॥१३॥

**श्रीवलभीपुरनिर्गत** रथाधिरूढो[२३] **जिनो महावीरः** ।
अश्वयुजिपूर्णिमास्यां **श्रीमालपुर**स्थितो जयति ॥१४॥
(उदधिजलमध्यलब्धं प्रवहणमानीतमतिशयसुरम्यम् ।
**वटपद्रकनगरस्थं जिनबिंबं** नौमि रत्नमयम् ॥*)

जयतिसदतिशययुक्त **स्तम्भनक** निकेतनो **जिनःपार्श्वः** ।
पायात् प्रतिकृतिपूज्यो[२४] **मुण्डस्थल** संस्थितो **वीरः** ॥१५॥

(अमरन विनतचरणाः सकलाधिव्याधिदुरितशत हरणा ।
**स्तंभनकपुरवरस्थो** श्री**पार्श्वजिनेश्वरो** जयति ॥)*

**नमिविनमिकुलान्वयभिर्विद्याधरनाथ कालिकाचार्यैः** ।
**काशहृदाख्ये**नगरे[२५] प्रतिष्ठितो[२६] जयति **जिनवृषभः** ॥१६॥

**पाण्डवमात्राकुन्त्या** संजाते श्री**युधिष्ठिरे पुत्रे** ।
श्री**चन्द्रप्रभनाथः** प्रतिष्ठितो[२७] जयति नाशिक्ये ॥१७॥

**नागेन्द्र-चन्द्र-निर्वृत्ति-विद्याधर सकलसङ्घमुख्येन**[२८] ।
**सोपारक**[२९]प्रतिष्ठितो **युगादिजिन**पुङ्गवो जयति ॥१८॥

**विमल**नरेन्द्रकृतस्तुति**ऋषभोऽर्बुदनग**विशेषको जयति ।
जयतीह जगति **शान्तिः श्रीगोकुलवासि**[३०]कृतपूजः ॥१९॥

(अर्बुदशिखरे रम्ये श्री**ऋषभजिनेश्वर**स्य प्रतिबिम्बम् ।
**विमलेन** विमलमतिना जयति कृतं त्रिदशकृतपूजम् ॥)*

(**श्रीजाबाल[लि]पुर** स्थित**काञ्चनगिरिशिखर**शीर्षमाणिक्यम् ।
सकलकलिकालेऽपि श्री**पार्श्वजिनेश्वरो** जयति ॥)*

**कलिकुण्डकुक्कुटेश्वरः चम्पा-श्रावस्ति**[३१]**-गजपुरायोध्याः**[३२] ।
**वैभारगिरि-पावा**[३३]-जयन्ति[३४] पुण्यानि तीर्थानि ॥२०॥

**ॐकारनगर**[३५]**-वायट**[३६]**-जाल्योधर**[३७]**-चित्रकूट-सत्यपुरे** ।
**ब्रह्माण**[३८]**-पल्लिकादिषु ऋषभादिजिना** जयन्त्यनघाः[३९] ॥२१॥

Jain Education International		For Private & Personal Use Only		www.jainelibrary.org

इत्येवमन्यदपि यत्तीर्थं भुवनत्रयेऽपि तीर्थकृताम् ।
तद्बिम्बानि च वन्दे श्री**सङ्गमसूरि** विनुतानि[४०] ॥२२॥

**( मालिनी )**

(अवनितलगतानां कृत्रिमाऽकृत्रिमाणां वरभुवनगतानां दिव्यवै[४१]मानिकानां ।
इहमनुजकृ[४२]तानां देवराजार्चि[४३]तानां जिनवरभवनानां भावतोऽहं नमामि★)

(આ પદ્ય હેમચંદ્રાચાર્યના 'સકલાર્હતસ્તોત્ર'ના ૩૦મા પદ્ય રૂપે મળે છે.)

( A **चैत्यपरिपाटीस्तवनम्**)

( B इतिश्री **तीर्थमालास्तवनम्**)

( C इति**स्तोत्रम्**)

( D इति**सर्वचैत्यस्तवनः** समाप्तः)

★ ક્ષેપક પદ્ય

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## पाठान्तरा: विलप्त्यादि

१. A 'गत' शब्द मध्येलुप्त:
२. C, D भुवन
३. A राजिनी
४. A, B जिनराजी
५. A कुलोचल
६. C वर्ष
७. C कुण्ड B वृक्ष
८. C कुण्डलाद्येषु
९. A तत्त्वासि:, B तयाशी D तचासी
१०. A सिदरत्नमया
११. A मध्ये 'शिव' शब्द लुप्त:
१२. A, B, D नाथ:
१३. A तद्रक्षशिला
१४. C मथुरापुरी
१५. A देवि
१६. D प्रपूजिते जयते
१७. D देवकुले
१८. D णावगिरौ
१९. C नदीतीरे
२०. A मुख्यममस्कृतं
२१. A मोघेरपुर
२२. C सनहस्त
२३. A.C.D रथमधिरूढो ★ केवल A मध्ये प्राप्ता:
२४. C पूजो + मात्र D मध्ये उपलब्धा:
२५. B, D कासप्रहाख्य
२६. A प्रकाशितो
२७. A, D प्रकाशितो, B प्रकारितो
२८. A मुख्यसकलसंघेन
२९. B, C अर्बुदकृत | B एवं D मध्ये अप्राप्यम् D मध्ये
३०. C गोकुलवास ★ D मध्ये न प्राप्तां + इति पाठः + केवल C मध्ये उपलब्धा:
३१. B, D स्रावस्ति
३२. B गजपुरादिनी
३३. C, D पापा
३४. B मध्ये स्थानानि च जयं इति पाठ:
३५. A वोयंकारक
३६. C वायड
३७. C जलंधर
३८. B ब्राह्माण
३९. D नाथ
४०. A विनतानाम्
४१. A विमानिकानां
४२. B तत्तानां; A गतानां
४३. A, C स्थितानां
★ B मध्ये नास्ति

• • •

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org